13-11-2


અહીં તો એક જ વાત છે ભાઈ! કે તારા ચૈતન્યપુંજની નિધિને સંભાળ! બાકી બધું જે થવાનું હશે તે થશે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સં. ૨૦ સં. ૨૦૫૭ [૬૮૫] * આત્મધર્મ * [ અંક-૫ વર્ષ-૫૭ ] વીર સં. ૨૫૨૭ નવેમ્બર-૨૦૦૦

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જેમ આ જગતમાં જે પુરુષ, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી, તેમ આત્મા પણ જે અશુદ્ધ વર્તતો થકો, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે શુદ્ધ વર્તતો થકો અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી—એવો નિયમ છે. માટે સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે (પરદ્રવ્યના સર્વભાવોને છોડીને) શુદ્ધ આત્માને ગ્રહણ કરવો, કારણ કે એમ થાય ત્યારે જ નિરપરાધપણું થાય છે. ૬૫૬. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૩૦૧-૩૦૩)*

❀ હે ભવ્ય ! કારણ-કાર્યની સીમામાં રહીને તું સમસ્ત આગમને સાંભળ; અને મન્મથ-વિજયી (અર્થાત્ વિષયોના શત્રુ) એવા જિનમાર્ગમાં અડગ રહીને, સૌથી શ્રેષ્ઠ—સારભૂત એવા આત્મતત્ત્વનો અનુભવ કર. ૬૫૭.

*(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૭)*

❀ ઈન્દ્રરૂપી આત્મા તીર્થંકર સ્વરૂપ ઈષ્ટ પરમાત્માકા દર્શન કરતા હૈ. ઈન્દ્ર સમાન આત્મા અપને આત્મિક સ્વભાવસે પરમાત્મારૂપી અપને તીર્થંકરકો દેખતા હુઆ આશ્ચર્યકો પ્રાપ્ત હો રહા હૈ અર્થાત્ બારબાર અનુભવ કરકે તૃપ્ત નહિ હોતા હૈ. શુદ્ધાત્માકા આચરણ યહી ઐરાવત હાથી હૈ, ઈસ પર ઈન્દ્ર-આત્મા તીર્થંકરરૂપી પરમાત્માકો આરૂઢ કરતા હૈ. શ્રી જિનેન્દ્રોંકે સ્વરૂપકા પ્રકાશ અપને કમલ સમાન વિકસિત આત્માકે સ્વરૂપસે હી હોતા હૈ. ૬૫૮.

*(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૨૨૦)*

❀ નિશ્ચયથી સર્વ જીવો જન્મ–મરણથી રહિત, આત્મપ્રદેશોની અપેક્ષાએ (લોકાકાશના પ્રદેશપ્રમાણ અસંખ્યાત પ્રદેશી) સર્વ સમાન તથા આત્મીય ગુણોમાં બધાં સરખા અને જ્ઞાનમય છે. ૬૫૯. *(શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા-૩૮)*

❀ જેવી રીતે નટ અનેક સ્વાંગ ધારે છે અને તે સ્વાંગના તમાશા જોઈને લોકો કુતૂહલ સમજે છે, પણ તે નટ પોતાના અસલી રૂપથી કૃત્રિમ ધારણ કરેલાં વેષને ભિન્ન જાણે છે, તેવી જ રીતે આ નટરૂપ ચેતનરાજા પરદ્રવ્યના નિમિત્તે અનેક વિભાવપર્યાયોને પ્રાપ્ત થાય છે, પરંતુ જ્યારે અંતરંગદૃષ્ટિ ખોલીને પોતાનું રૂપ દેખે છે ત્યારે અન્ય અવસ્થાઓને પોતાની માનતો નથી. ૬૬૦.

*(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર મોક્ષ દ્વાર, ૫૬-૧૪)*

*

કહાન
સંવત-૨૦
વર્ષ-૫૭
અંક-૫
[૬૮૫]




આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૨૬
સં. ૨૦૫૬
NOV.
A.D. 2000

# સમભાવી મુનિઓની નિંદા દ્વારા સ્તુતિ

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૦૦)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૪૩મી ગાથા ચાલે છે. તેમાં ત્રણ બોલ થઈ ગયા છે. હવે ચોથો બોલ લેવાનો છે.

જોકે વ્યવહારનયથી આત્મા ઈન્દ્રિયજનિત જ્ઞાનદર્શન સહિત છે તોપણ નિશ્ચયનયથી સકલ વિમલ કેવલજ્ઞાન–કેવલદર્શન સ્વભાવવાળો છે.

શું કહે છે?—આ આત્મા વર્તમાન પર્યાયમાં મતિજ્ઞાનાદિ ક્ષયોપશમજ્ઞાનવાળો અને ચક્ષુ, અચક્ષુ આદિ દર્શનવાળો દેખાય છે. એવો વ્યવહારે આત્મા છે પણ નિશ્ચયથી આત્મા કેવલજ્ઞાન–દર્શનસ્વભાવી છે તે જ આદરવા લાયક છે. વસ્તુ તો એકલા જ્ઞાન–દર્શનનો પિંડ છે, તેમાં ભેદ નથી. વ્યવહારનયે પર્યાયમાં ભેદ છે તે જાણવા જોઈએ પણ આદરવા યોગ્ય તો એકરૂપ ચૈતન્ય જ છે. તેની દૃષ્ટિ કરીને તેનો અનુભવ કરવો જોઈએ.

પાંચમા બોલમાં શું કહે છે?—જોકે વ્યવહારનયથી આત્મા પોતાના ઉપાર્જેલા દેહ જેવડો જ છે તોપણ નિશ્ચયનયથી લોકાકાશપ્રમાણ અસંખ્યાતપ્રદેશી છે. આત્માને અસંખ્યપ્રદેશ છે એ નિશ્ચય છે. તેને દેહપ્રમાણ કહેવો એ વ્યવહાર છે. એ જ પ્રમાણે છઠ્ઠા બોલમાં લીધું કે જોકે વ્યવહારનયથી આત્મા પ્રદેશોના સંકોચ–વિસ્તાર સહિત છે તોપણ મુક્ત અવસ્થામાં સંકોચ–વિસ્તાર રહિત ચરમશરીરપ્રમાણ પ્રદેશવાળો છે. વ્યવહારથી આત્માના પ્રદેશ કીડીની પર્યાયમાં સંકોચાય છે, હાથીની પર્યાયમાં વિસ્તાર પામે છે—એમ જે જે શરીર મળે છે તે પ્રમાણે આત્મપ્રદેશોને સંકોચ–વિસ્તાર થાય છે પણ

સિદ્ધ થયા પછી તો ચરમશરીરથી કાંઈક ન્યૂન આકારપ્રમાણ જ રહે છે પછી તેમાં સંકોચ કે વિસ્તાર થતો નથી.

હવે છેલ્લો–સાતમો બોલ : જોકે પર્યાયાર્થિકનયથી આત્મા ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યયુક્ત છે તોપણ દ્રવ્યાર્થિકનયથી નિત્ય ટંકોત્કીર્ણ જ્ઞાયક જ જેનો એક સ્વભાવ છે એવા નિજ શુદ્ધાત્મદ્રવ્યને પ્રથમ જાણીને અને નિજશુદ્ધાત્મદ્રવ્યથી વિલક્ષણ પરદ્રવ્યનો નિશ્ચય કરીને પછી સમસ્ત મિથ્યાત્વરાગાદિ વિકલ્પનો ત્યાગ કરીને વીતરાગ ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા સ્વશુદ્ધાત્મતત્ત્વમાં જેઓ રત થયા તેઓ જ ધન્ય છે.

આત્મા નવી અવસ્થાથી ઊપજે છે, જૂની અવસ્થાથી બદલે છે અને ધ્રુવ અંશથી ટકે છે. એ રીતે ભેદથી જોઈએ તો પર્યાયથી ત્રણ ભેદ છે. વ્યવહારથી કહો કે પર્યાયથી કહો બંને એક જ વાત છે. આ પોતાના ભેદની જ વાત છે, કર્મ કે શરીરની વાત નથી.

ભગવાન આત્મામાં અનંતગુણનું ધ્રુવરૂપ છે અને પર્યાયમાં ઊપજવું-વિણસવું એવું રૂપ છે. જેમ સોનાની પાંચ મણની પાટ હોય તેમ આત્મા એકલા અખંડ જ્ઞાનાનંદનું ધ્રુવ રૂપ છે, તેની દૃષ્ટિ કરવા જેવી છે, ઉત્પાદ–વ્યય ઉપર દૃષ્ટિ કરવા જેવી નથી. વિકલ્પ ઉપર કે નિમિત્ત ઉપર પણ દૃષ્ટિ કરવા જેવી નથી. શુદ્ધ ચિદ્ઘન ચૈતન્યમૂર્તિ ઉપર દૃષ્ટિ સ્થિર કરવા યોગ્ય છે–એકરૂપ ચૈતન્યપાટ જ આદરણીય છે.

આમ આ સાત બોલ થયા. આ સાત બોલથી પહેલાં આત્માને બરાબર જાણવો જોઈએ. (૧) વ્યવહારથી અનાદિથી બંધાયેલો હોવા છતાં નિશ્ચયથી બંધ રહિત છે. (૨) અશુદ્ધનિશ્ચયનયથી શુભાશુભકર્મના ફળને આત્મા ભોગવે છે તોપણ શુદ્ધ-દ્રવ્યાર્થિકનયથી નિજ પરમાનંદ સુખામૃતનો ભોક્તા છે. (૩) વ્યવહારનયથી કર્મના ક્ષય સમયે જ મોક્ષનું ભાજન થાય છે પણ શુદ્ધ પારિણામિકનયે ત્રિકાળ મુક્તસ્વરૂપ જ છું એમ જાણવું. આ ત્રણ બોલ કાલે લીધા હતા અને પછીના ચાર બોલ આજે લીધા. કુલ સાત થયા.

આ રીતે પહેલાં પોતાના શુદ્ધસ્વરૂપને સારી રીતે, જેમ છે તેમ બરાબર જાણીને, પુદ્ગલાદિ પરદ્રવ્ય અને રાગનો પણ યથાર્થ નિશ્ચય કરવો જોઈએ કે જીવથી જુદાં સંયોગમાં શરીરાદિ પુદ્ગલ છે અને પર્યાયમાં રાગાદિ વિકાર છે અને તેનો ભોગવટો છે તેનો પણ નિર્ણય કરવો જોઈએ. આ પ્રકારે સ્વ અને પરનો યથાર્થ નિર્ણય કર્યા પછી સમસ્ત મિથ્યાત્વ રાગાદિ વિકલ્પનો ત્યાગ કરીને—હું શરીર, રાગાદિરૂપ છું એવી ભ્રમણા અને વિકલ્પજાળ છોડીને, વીતરાગ ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા સ્વશુદ્ધાત્મતત્ત્વમાં જે રત થયા છે તેઓ જ ધન્ય છે.

શુદ્ધાત્માનું અને પરદ્રવ્યનું સ્વરૂપ જેમ છે તેમ જાણ્યા વગર આત્મા...આત્મા... કરવાથી ન ચાલે. વ્યવહારથી વર્તમાનમાં શું છે, ત્રિકાળમાં શું છે, સંબંધ કેવી રીતે છે, સંબંધ રહિત વસ્તુ કેવી છે, શું કરે છે, શું ભોગવે છે, સ્વભાવમાં ભોગવટો શેનો છે એ બધું પહેલાં બરાબર જાણીને પછી રાગાદિ વિકલ્પ છોડી દઈને એકલાં અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો. મૂળ સંસ્કૃતમાં પણ પૂર્વ અને 'પશ્ચાત્' એમ શબ્દ પડ્યા છે. આ પ્રમાણે જ્યારે જ્ઞાન સમ્યક્ થાય ત્યારે તેણે વિકલ્પ છોડી દઈને એકલાં અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો.

વ્યવહાર જાણવા યોગ્ય છે પણ આદરવા લાયક તો એક નિશ્ચય તત્ત્વ જ છે. તેનું કારણ એ છે કે એકરૂપ અભેદ તત્ત્વની અંતરમાં દૃષ્ટિ કરવી તે જ સંવર અને નિર્જરાનું કારણ છે. વ્યવહારરત્નત્રય કાંઈ સંવર-નિર્જરાના કારણ બનતા નથી.

આવું જ કથન શ્રી પૂજ્યપાદસ્વામીએ પરમાત્મતત્ત્વના લક્ષણમાં કર્યું છે કે 'આત્મા (વ્યવહારથી) અનાદિથી કર્મો વડે બંધાયેલો, પોતે ઉપાર્જેલાં શુભાશુભકર્મનો ભોક્તા, કર્મના ક્ષયથી મોક્ષનો ભોક્તા, જ્ઞાતા–દૃષ્ટા, સંસાર-અવસ્થામાં સ્વદેહપ્રમાણરૂપ સંકોચવિસ્તારના સ્વભાવવાળો, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ અને પોતાના ગુણથી યુક્ત છે. આવા સ્વરૂપે આત્માને જાણવાથી સાધ્યની સિદ્ધિ છે. અન્ય પ્રકારે જાણવાથી સાધ્યની સિદ્ધિ થતી નથી.'

બધાં શબ્દો આ ગાથાને મળતાં જ છે. આત્મા પોતાના ગુણ અને પર્યાયથી સહિત છે. કર્મ કે પરદ્રવ્યથી સહિત નથી. આ પ્રકારે આત્માને જાણીને, તેના ભેદોનો પણ વિકલ્પ છોડી, અંતર્મુખ થઈ આત્માનંદને ભોગવવો, નિર્વિકલ્પ શાંતિને વેદવી એ જ પોતાનું કર્તવ્ય છે અને તેમાં જ જીવની ધન્યતા છે. એકાકાર આનંદપિંડનો અનુભવ કરવો તે જ સંવર–નિર્જરા છે, બાકી બધી વાતો છે.

હવે જે સંયમી પરમ સામ્યભાવ–ઉપશમભાવને કરે છે તેની નિંદા દ્વારા સ્તુતિ ત્રણ ગાથા-સૂત્રો દ્વારા કહે છે.

बिण्णि वि दोस हवंति तसु जो सम-भाउ करेइ ।
बंधु जि णिहणइ अप्पणउ अणु लगु गहिलु करेइ ॥४४॥

અર્થ :–જે કાંઈ સાધુ સમભાવ એટલે રાગ–દ્વેષનો ત્યાગ કરે છે તે તપોધનને બે દોષો થાય છે; એક તો પોતાના બંધનને તોડે છે અને બીજો દોષ જગતવાસી પ્રાણીઓને પાગલ સમાન વિકલ બનાવી દે છે–ઘેલો કરી દે છે.

જે શુભાશુભ રાગને છોડી, સામ્યભાવસ્વરૂપ વીતરાગ શાંતભાવે પરિણમે છે તે સાધુ છે—મોક્ષના સાધક છે તેમને બે દોષ છે. એક, સાધુ અનાદિકાળથી પોતાની સાથે રહેલાં બધું એવા કર્મનો નાશ કરે છે. અરે ! બંધવને મારે છે અને બીજો દોષ એ કે જગતને પાગલ બનાવી દે છે.

આ નિંદા દ્વારા સ્તુતિ છે. પ્રાકૃતમાં આઠ કર્મને બંધનની અપેક્ષાએ બંધુ પણ ગણવામાં આવે છે અને ભાઈને પણ બંધુ કહેવાય છે. ભાઈને મારવો એ તો નિંદ્ય છે માટે કર્મનો નાશ કરનાર સાધુ નિંદ્ય છે એમ કહીને નિંદા કરીને સાધુની મહિમા કરી છે.

બીજું, સાધુ મહારાજની વાણી જે સાંભળે છે—ઉપદેશ સાંભળવા આવે છે તે વીતરાગી ઉપદેશ સાંભળીને વસ્ત્ર ત્યાગીને વૈરાગ્યપૂર્વક દીક્ષા ધારણ કરી લે છે. વીતરાગી સંત તો વીતરાગતાની વાત જ બતાવે ને ! વીશ–પચીશ વર્ષના યુવાન રાજા આદિ મોટા પુરુષો પણ વીતરાગતાની વાત સાંભળીને નગ્ન દિગંબર સાધુ થઈ જાય છે. એ જોઈને લોકોને એમ લાગે કે આ છતી ઋદ્ધિ છોડીને જંગલમાં એકલાં ચાલી નીકળ્યાં માટે પાગલ થઈ ગયા લાગે છે.

ઘર, સાધન–સામગ્રી, મકાન આદિ છોડીને જંગલમાં રહેવું, ઘરે ગરમ ગરમ જાત જાતની રસોઈ છોડીને બીજાંના ઘરે ખાવા જવું, આવું તો બાવલા સિવાય કોણ કરે ! સાધુ પોતે તો બાવલા છે પણ બીજાને પણ બાવલા કરી નાંખે છે—પાગલ કરી નાંખે છે.

અરે ! એ બાવલા નથી, એ જ ડાહ્યાં છે. એ જ ભગવાન થવાના છે. અહા ! એ નગ્નદશા ! વીતરાગી પિંડ ! ! શાંતરસમાં ઝૂલતાં મુનિવરો ! જેને દેખીને બીજાને પણ તેના જેવા થવાનો ભાવ જાગી ઊઠે છે, જેને ઘરે હજારો રાણીઓ છે એવા રાજકુમારો પણ આવા સાધુ મહાત્માનો ઉપદેશ સાંભળીને પાગલ જેવા થઈ જાય છે.

આમ, સાધુ કર્મોને હણી નાંખે છે તે અને જગતને પાગલ બનાવી દે છે તે એમ બે દોષ છે. ભાઈ! એ કોઈને પાગલ બનાવતા નથી.

જગતડાં કહે છે રે, ભગતડાં કાલા છે પણ કાલા ન જાણશો રે, પ્રભુને એ વ્હાલાં છે. ઘેલા ન જાણશો રે, પ્રભુને ત્યાં એ પહેલાં છે....

નગ્ન દિગંબર મુનિ થઈ જાય એટલે જગતને તે પાગલ લાગે એટલે લોકવ્યવહાર પ્રમાણે તે દોષ ગણાય છે પણ અહીં તો દોષ દ્વારા સ્તુતિ કરી છે. કેમ કે કર્મ ને

હણવા કે વીતરાગી ઉપદેશ આપવો તે કાંઈ દોષ નથી, ગુણ જ છે. એ દ્વારા અહીં સાધુની સ્તુતિ કરી છે.

શું મુનિ સ્ત્રી, પુત્રાદિથી ડરીને ભાગ્યાં છે?—ના, એ તો પોતાના આત્માને સાધવા—અંતરૂમુખ થવા બધું છોડીને ચાલી નીકળ્યાં છે. તે કાંઈ પાગલ નથી, એ તો અલ્પકાળમાં કેવળજ્ઞાન પામવાના છે.

અહા ! મુનિપણું એટલે એકલો શાંતરસનો હિમાલય છે. હિમ જેમ ઠંડુ છે તેમ મુનિરાજ હિમ જેવા શાંત શીતળ ઉપશાંત છે. આવું મુનિપણું નગ્ન દિગંબરપણામાં જ હોય. અંદરમાં વીતરાગતા છે અને બહારમાં વસ્ત્રનો સંયોગ હોય—એમ ન બને. ઉપશમરસના ઢાળામાં ઢળ્યો તે નગ્ન થયા વગર રહે નહિ. જુઓ ! અહીં કેવી શૈલી વાપરી છે. અંદરમાં જેને સમભાવ થાય છે તે નગ્ન થયા વિના રહેતાં નથી એમ કહ્યું છે. નગ્ન થાય છે તેને અંદરમાં સમભાવ થાય છે એમ કહ્યું નથી.

આહાહા....! આઠ આઠ વર્ષના રાજકુમારો, શાંતરસે પરિણમીને ચાલી નીકળતાં હશે તે કેવા લાગતાં હશે ! જાણે ચાલતાં સિદ્ધિ જોઈ લો. ઈન્દ્રિયો હોવા છતાં ઈન્દ્રિયાતીત થઈ ગયા છે, શરીર હોવા છતાં શરીર રહિત થઈ ગયા છે, જરાં વિકલ્પ હોવા છતાં વિકલ્પાતીત થઈ ગયા છે. કર્મના રજકણની આડ પડી હોવા છતાં અંદરથી છૂટા.... છૂટા....છૂટા વર્તી રહ્યાં છે. રાગને પણ નહિ સ્પર્શતા એકલાં નીરાળાતત્ત્વને અનુભવે છે એવા મુનિઓને નગ્નદશાની લજ્જા નથી. લોકોની ભાષામાં મુનિઓ પોતે પાગલ થઈ ગયા છે અને બીજાને પણ પાગલ કરે છે. સમભાવ થાય છે તે પાગલ થઈ જાય છે તેને વસ્ત્રથી શરીરને ઢાંકવાની વૃત્તિ રહેતી નથી. એકલો સમભાવ....સમભાવ....

મૂઢ લોકો જ્ઞાનીજનને બાવલા કહે છે અને જ્ઞાનીજનો મૂઢ લોકોને બાવલા—ગાંડા કહે છે. મૂઢને વીતરાગતાની—શાંતિની કાંઈ ખબર નથી એટલે સાધુની નિર્વિકલ્પશાંતિની વાત તેને બકવાસ જેવી લાગે છે. સાધુનું ચાલવું, આહાર લેવો વગેરે બધી ક્રિયા તેને પાગલ જેવી લાગે છે. જ્યારે જ્ઞાનીજનો—સાધુઓની દૃષ્ટિમાં જગતજનો પાગલ છે. પરવસ્તુથી પોતાની અધિકતાનું અભિમાન અને રાગની મીઠાશ....એ બધું બાવલાપણું છે, ઉન્માદ છે. શરીર, વાણી, મન આદિ કોઈ પણ વસ્તુની ચેષ્ટાથી આત્માની અધિકતા માનવી અને મનાવવી એ પાગલપણું જ છે.

આહાહા ! જ્ઞાની જગતથી વિમુખ છે અને જગત જ્ઞાનીથી વિમુખ છે. જગતને જગતના ભાવની સન્મુખતા છે અને જ્ઞાનીને સ્વભાવની સન્મુખતા છે. બંનેની દિશામાં વિરુદ્ધતા છે. ૪૪ ગાથા થઈ.

હવે સમતાના ધારક મુનિની ફરી પણ નિંદા દ્વારા સ્તુતિ કરે છે. ૪૪ ગાથામાં જે ભાવ કહ્યો છે તેવો જ ભાવ અહીં કહેવો છે.

अण्णु वि दोसु हवेइ तसु जो सम-भाउ करेइ ।
सत्तु वि मिल्लि वि अप्पणउ परहँ णिलीणु हवेइ ॥४५॥

અર્થ :–વળી માત્ર પૂર્વોક્ત દોષ આવે છે એટલું જ નહિ પણ જે સમતા કરે છે તે તપોધનને બીજો પણ દોષ એ આવે છે કે પોતે પરને (પરમાત્માને) આધીન થાય છે અને પોતાને આધીન હોવા છતાં પણ કર્મશત્રુને છોડી દે છે.

શું કહે છે?–જે તપોધનને અનુકૂળતા કે પ્રતિકૂળતાનું લક્ષ નથી, આત્માના નિર્વિકલ્પ અનુભવ રસના મીઠા સ્વાદમાં પડેલાં તે ધર્મી મુનિ સમભાવને કરે છે. એકલા આનંદને અનુભવતાં મુનિને અનુકૂળતા પ્રતિકૂળતામાં સમભાવ વર્તે છે એવા તપોધનમાં હજુ બે દોષ છે કે તે તપોધન ધન–ધાન્યાદિનો રાગ ત્યાગીને પરમ શાંતભાવનો આદર કરે છે. રાજા અને રંકને સમાન જાણે છે. રાજા તો કેટલાં પુણ્યશાળી હોય, ખમ્મા–ખમ્મા થતાં હોય, અબજોની તો જેને ઊપજ હોય....ને રંકને તો તેમાંનું કાંઈ ન હોય, રોટલાં પણ પૂરા મળતાં ન હોય આવા રાજા અને રંકના ભેદને પણ જાણી શક્તાં નથી એવી તો એમની મૂર્ખાઈ છે!

અરે! રાજા હો કે રંક હો એ બધાં પર્યાયમાં ભિખારી છે અને દ્રવ્યસ્વભાવે એ બધાં પ્રભુ છે એમ જાણનારા તપોધન તે બંનેમાં ભેદ ન જાણે એ કાંઈ મૂર્ખાઈ નથી, એ જ તો તેમનો સમભાવનો ગુણ છે જે સ્તુતિ કરવાયોગ્ય છે.

મુનિ રાગાદિરહિત સમભાવસ્વરૂપ નિજપરમાત્માની ભાવના કરે છે અને 'શત્રુ' શબ્દથી વાચ્ય એવા જ્ઞાનાવરણાદિ કર્મરૂપ નિશ્ચયશત્રુને છોડે છે અને 'પર' એવા શબ્દથી વાચ્ય પરમાત્માનો આશ્રય કરે છે.

જે હાથમાં આવ્યા છે એવા શત્રુને તો છોડી દે છે અને પરનો આશ્રય કરે છે એ કેવું! એ તો એવું છે કે—

**માંહી પડ્યાં તે મહાસુખ માણે, દેખણહારા દાઝે જો ને....**

સાંભળ ભાઈ! સમભાવી મુનિવરનો એ દોષ નથી—મૂર્ખાઈ નથી. ગાંડો–પાગલ તો તું છો. મુનિવરો જેનો આશ્રય કરે છે તે પર નથી પણ પરમ એવા નિજ પરમાત્મા છે કે જેમાં અમૃતરસના સરોવર ભરેલાં છે તેનો મુનિરાજ આશ્રય કરે છે. 'પર' એટલે પ્રધાન-ઉત્કૃષ્ટ વસ્તુનો આશ્રય કરે છે.

હાથમાં આવેલાં કર્મશત્રુને છોડી દે છે. ભલે કર્મો પોતાને આધીન પડ્યા છે પણ તે શત્રુ છે માટે તેને મુનિવરો પોતાના આશ્રયે રહેવા દેતાં નથી—છોડી દે છે. શાંતરસનું વીતરાગી ઝરણું દૃષ્ટિમાં આવી ગયું છે કે જેમાંથી એકલો વીતરાગભાવ જ ઝરે છે તેમાં લીન થયેલાં મુનિવરો કર્મોને શત્રુ જાણીને છોડી દે છે અને નિજપરમાત્માને આશ્રિત થઈને પોતે રહે છે.

આમ આ બે દોષ કહ્યાં પણ તે દોષ નથી, સ્તુતિ છે. સમભાવની સ્થિતિનું આ વર્ણન છે.

જેવી રીતે લોકવ્યવહારમાં બંધનથી બંધાયેલા નિજશત્રુને છોડીને કોઈ 'પર' એવા શબ્દથી વાચ્ય એવા શત્રુને આધીન થાય છે તેથી નિંદા પામે છે તેવી રીતે તપોધન પણ શબ્દના છલથી નિંદા પામે છે. આ એક જાતનો રૂપ-અલંકાર છે કે જે તારા હતા તેને તો છોડી દીધા અને તારા ન હતા તેને પકડી લીધાં. સ્વપણે વર્તતા હતા એવા કર્મોને છોડી દીધા અને પરપણે માનતા હતા એવા પરમાત્માને ગ્રહી લીધા એમ કહીને નિંદા દ્વારા ચારિત્રવંત સાધુના સમભાવની સ્તુતિ કરી છે.

એ જ રીતે ગાથા ૪૬માં પણ સમભાવધારક મુનિની નિંદા–સ્તુતિ કરે છે.

अण्णु वि दोसु हवेइ तसु जो समभाउ करेइ ।
वियलु हवेविणु इक्कलउ उप्परि जगहँ चडेइ ।।४६।।

અર્થ:—એટલું જ નહિ પણ જે તપસ્વી મહામુનિ સમભાવને કરે છે તેને બીજો પણ દોષ આવે છે કે તે વિકલ–કલરહિત–શરીર રહિત થઈને એકલો લોકના શિખર ઉપર ચઢે છે અર્થાત્ મોક્ષે જાય છે.

મુનિરાજ બાવલા થઈ ગયા છે. સંસારની આવડત—સંસારીબુદ્ધિથી ભ્રષ્ટ થઈ ગયા છે. આત્માના આનંદના જ્ઞાનમાં સ્થિત થતાં ધર્માત્માને લૌકિક સંગ અને લૌકિક જાણપણું કાંઈ રહ્યું નથી. તેનાથી મુનિ ભ્રષ્ટ થઈ ગયા છે. લોકમાં પાંચમાં પૂછાય એવી આવડત હતી–એવા ડહાપણથી દૂર થઈ ગયા છતાં સાધનાની પૂર્ણતા કરીને લોકના શિખર ઉપર પહોંચી જાય છે એ તો બુદ્ધિ વિનાના બાળકને માથે ચડાવવા જેવું ન થયું !

આમ કહીને યોગીન્દ્રદેવ મોક્ષના સાધક એવા સંતોની સમ્યગ્દર્શન-જ્ઞાન ઉપરાંત સમભાવમય ચારિત્રની સ્થિતિ અને તેના ફળનું વર્ણન કરે છે.

જેને અમૃત-આનંદના અનુભવમાં કોઈ બીજી ઈચ્છા જ રહી નથી એને જ

ખરી 'તપસ્યા' છે. શુભરાગની ક્રિયા હોય છે તે કોઈ વસ્તુનું સ્વરૂપ નથી. વિકલ્પ રહિત નિર્વિકલ્પદૃષ્ટિમાં ઠરવું એ તપનું સ્વરૂપ છે. જે સ્વરૂપમાં ઠરે છે તે તપસ્વી છે. શાસ્ત્રમાં વ્યવહારતપની વ્યાખ્યા કરી હોય તે પ્રમાણે શુભરાગ હોય છે પણ ભગવાન કહે છે અમારા શાસ્ત્રના ભણતરને ભૂલીને અંતરમાં જા !

આ તો પરમાત્મપ્રકાશ છે ને ! પરમાત્માની જ ભાવના ભાવી છે.

દેહદેવળમાં એક એક રજકણથી ભિન્ન આનંદનું દળ પડ્યું છે તેમાં સંતોષ–સમભાવ થાય તેને ભાવના કહો–વીતરાગતા કહો–સમભાવ કહો કે ઉપશમભાવ કહો–એવો ભાવ જ્ઞાનીઓને જ હોય છે. ઉપશમવંત સંતોને જ વિકળબુદ્ધિનો નાશ થઈ, કેવળજ્ઞાન પ્રગટ થાય છે અને કેવળજ્ઞાનપ્રાપ્ત ભગવાન જ લોકના શિખર ઉપર સ્થિત થાય છે.

લૌકિક બુદ્ધિ ક્ષય પામે છે અને લોકોત્તર બુદ્ધિ–કેવળજ્ઞાન પ્રગટ થાય છે. ત્યાં એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાવા લાગે છે. સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે. પૂર્ણ આનંદ પ્રાપ્ત થાય છે. સર્વજ્ઞપણાનો નિર્ણય થતાં જ્ઞાન વ્યવસ્થિત થઈ જાય છે અને વ્યવસ્થિત જ્ઞાનમાં બધું વ્યવસ્થિત જણાય છે. કોઈ પરિણમન અનિયત જણાતું નથી. જ્ઞાનમાં કાંઈ આગળ–પાછળ થતું નથી અને જ્ઞેયમાં પણ કાંઈ આગળ–પાછળ થતું નથી. માટે કહ્યું કે 'તીન ભુવનમેં સાર, વીતરાગ વિજ્ઞાનતા....'

ધર્મી વિકલ અર્થાત્ શરીરથી રહિત થઈ ત્રણલોકના શિખર ઉપર બિરાજમાન થઈ જાય છે. ખરેખર પોતાના સ્વરૂપમાં જ બિરાજે છે પણ લોકાગ્ર કહીને તેનું ક્ષેત્ર બતાવ્યું છે. સમભાવમાં સ્થિત મુનિ વિકળબુદ્ધિથી ભ્રષ્ટ થઈ, શરીરથી પણ રહિત થઈ ત્રણલોકના શિખર ઉપર બિરાજમાન થઈ જાય છે. લૌકિકમાં તો બુદ્ધિની અને શરીરની મહિમા છે પણ અહીં તો તેનાથી રહિતપણામાં જીવનું અસલ સ્વરૂપ પ્રગટ છે માટે તેની મહિમા છે.

સ્ત્રી, પુત્રાદિ તો પાંચ-પચીશ વર્ષથી ભેગા થયા છે. કર્મ તો જીવની સાથે અનાદિથી સંબંધમાં રહેલાં છે છતાં તે જીવના નથી તો સ્ત્રી, પુત્રાદિ તો જીવના ક્યાંથી હોય ! તેને દૃષ્ટિમાંથી છોડી દે ! કર્મને પણ દૃષ્ટિમાંથી છોડી દે તે ખરો પંડિત છે, તેને જ્ઞાનજ્યોતિ ઝળકી ઊઠે છે.

જે અનંત સિદ્ધ થયા અને થશે તે શરીર રહિત નિરાકાર થઈને જગતના શિખર ઉપર બિરાજે છે. આમ અહીં સિદ્ધની સિદ્ધિ થઈ જાય છે. સિદ્ધ ભગવાન પરતંત્ર નથી, પરિપૂર્ણ સ્વતંત્ર છે. પૂર્ણાનંદમય પૂર્ણ પ્રભુતાની શક્તિ પ્રગટ થઈ ગઈ

એવા સિદ્ધો ત્રણ લોકની ઉપર જઈને વસે છે અને અનંત અનંત સ્વભાવના આનંદના ભોક્તા થાય છે એ તેમના દોષ નથી, ગુણ છે માટે સ્તુતિને યોગ્ય છે.

આ ૪૬ ગાથા થઈ, હવે તેના ઉપર ક્ષેપક દોહા કહે છે.

जा णिसि सयलहँ देहियहँ जोग्गिउ तर्हिं जग्गेइ ।
जहि पुणु जग्गइ सयलु जगु सा णिसि मणिवि सुवेइ ॥

અર્થ :–જે સર્વ સંસારીજીવોની રાત છે તે રાતમાં પરમ તપસ્વી જાગે છે અને જેમાં બધાં સંસારી જીવ જાગી રહ્યા છે તે દશાને યોગી રાત માનીને યોગનિદ્રામાં સુએ છે.

જે જીવ શરીર અને રાગાદિને પોતાના માને છે એવા જીવો અંધારામાં પડ્યાં છે. તેને પરમાનંદ સ્વભાવ પરમાત્મા નજરમાં જ આવતો નથી, તેથી પરમાત્માની વાત પણ તેને સારી લાગતી નથી. અજ્ઞાનમાં એ જીવો જાગતાં છે કેમ કે અજ્ઞાન-અંધકાર મય રાત્રિને જ તેઓ દિવસ માને છે અને જે ખરેખર દિવસરૂપ છે એવા પરમાત્મસ્વરૂપ જ્ઞાનને તે રાત્રિ માને છે. તેથી તેમાં અજાગૃત છે. સ્વ-સ્વરૂપમાં જ અજાણ છે. આત્મા જ જ્ઞાન–આનંદમય છે એવી જાગૃતદશાના અભાવમાં અજ્ઞાની વિકલ્પજાળમય આત્માને જ આત્મા માનીને તેમાં જાગૃત રહે છે–લીન રહે છે. વિકલ્પમાં જ જડ જેવાં થઈને સૂઈ ગયા છે–અચેત–મડદાં થઈ ગયા છે, તેને ચૈતન્યસૂર્ય નજરે ચડતો નથી તેથી રાગ–દ્વેષના અંધકારમાં પડ્યાં છે અને ગહન નિંદ્રા લે છે તેને કેવળજ્ઞાન–કેવળદર્શન સૂર્યના દર્શન થતાં નથી, તેથી અંધકારમાં જ જીવન માનીને પડ્યાં છે. ત્યારે વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાની વિકલ્પજાળરૂપ અંધકારને દૂર કરી જ્ઞાનરૂપી રત્નદીપના પ્રકાશમાં સ્વરૂપમાં સાવધાન હોવાથી સદા જાગતા છે. *(ક્રમશઃ)*

*

ત્રણે કાળે અને ત્રણે લોકમાં શુદ્ધ નિશ્ચયનયે એકલો જ્ઞાનરસ ને આનંદકંદ પ્રભુ હું છું. આવો હું છું એવી દૃષ્ટિ તે આત્મભાવના છે. હું આવો છું તથા બધાય જીવો ભગવત્ સ્વરૂપ છે. બધા જીવો પરમાત્મસ્વરૂપ છે. વસ્તુ તરીકે બધા જીવો આવા છે. આવા આત્માને અનુભવવો તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન ને તેમાં ઠરવું તે ચારિત્ર છે. એ રીતે મન–વચન–કાયાથી ને કૃત–કારિત–અનુમોદનાથી બધાય જીવો આવા છે એમ નિરંતર એટલે કે અંતર પાડ્યા વિના આ ભાવના કરવા લાયક કર્તવ્ય છે. એ સિવાય કાંઈ કરવા લાયક માને તે આત્માનો અનાદર છે. *—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# જ્ઞાન વૈરાગ્યની મૈત્રી કર્મને હણે છે

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(સળંગ પ્રવચન નં. ૭૯)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રના નિર્જરા અધિકારનો આ ૧૮મો શ્લોક છે તેના ઉપર ૩૯મા પદ્યમાં બનારસીદાસજી દૃષ્ટાંત કહે છે.

ધર્મીની દૃષ્ટિ અને જ્ઞાન તો શુદ્ધ ચૈતન્યજ્ઞાન અને આનંદ ઉપર હોય છે. તેથી ધર્મીને અનુભવ પણ જ્ઞાનાનંદનો છે તેથી બહારમાં ધર્મી સંયોગનો ઉપભોગ કરતો દેખાતો હોય છતાં એ ઉપભોગ કરતો નથી. કેમ કે તેને રાગમાંથી અને ભોગાદિમાંથી સુખબુદ્ધિ ટળી ગઈ છે. સમ્યગ્દૃષ્ટિનું હૃદય જ આખુ પલટાઈ ગયું છે. શ્રદ્ધા–જ્ઞાન નિર્મળ થઈ ગયા છે.

જ્ઞાનની નિર્મળતા પર દૃષ્ટાંત

जैसो जो दरव तामैं तैसोई सुभाउ सधै,
कोऊ दर्व काहूकौ सुभाउ न गहतु है ।
जैसैं संख उज्जल विविध वर्न माटी भखै,
माटीसौ न दीसै नित उज्जल रहतु है ॥
तैसैं ग्यानवंत नाना भोग परिगह-जोग,
करत विलास न अग्यानता लहतु है ।
ग्यानकला दूनी होइ दुंददसा सूनी होइ,
ऊनी होइ भौ-थिति बनारसी कहतु है ॥३६॥

અર્થ :—પં. બનારસીદાસજી કહે છે કે જે પદાર્થ જેવો છે તેનો તેવો જ સ્વભાવ હોય છે, કોઈ પદાર્થ કોઈ અન્ય પદાર્થના સ્વભાવનું ગ્રહણ કરી શકતો નથી. જેમ કે શંખ સફેદ હોય છે અને માટી ખાય છે પણ તે માટી જેવો થઈ શકતો નથી–હંમેશા ઉજળો જ રહે છે, તેવી જ રીતે જ્ઞાનીઓ પરિગ્રહના સંયોગથી અનેક ભોગ ભોગવે છે પણ તે અજ્ઞાની થઈ જતા નથી. તેમના જ્ઞાનના કિરણો દિવસે દિવસે વધતાં જાય છે, ભ્રમદશા મટી જાય છે અને ભવ–સ્થિતિ ઘટી જાય છે.

સમકિતીનું દ્રવ્ય શુદ્ધચૈતન્યપણે પરિણમેલું છે. વસ્તુનો સ્વભાવ શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ છે તેને સાધનારા ધર્મીને પ્રથમ દશામાં જ શુદ્ધ જ્ઞાનાનંદનો અનુભવ થાય છે. કોઈ

અન્ય દ્રવ્ય આ જીવને જ્ઞાન કે સુખ, આનંદ આદિનો અનુભવ કરાવી શકતું નથી. અજ્ઞાની જીવ પરમાં સુખની કલ્પના કરે છે તે પણ સ્વયં કરે છે, કોઈ પરદ્રવ્ય તેને સુખબુદ્ધિ ઉપજાવી શકતું નથી.

સુખ અને આનંદ તો જીવદ્રવ્યનો જ સ્વભાવ છે, તે આનંદ શુભાશુભ વિકલ્પમાં નથી કે શરીરની કોઈ ક્રિયામાં પણ આનંદ નથી. માટે જેને સુખ અને આનંદ જોઈએ છે તે જીવ સ્વભાવનો આશ્રય કરે તો જ મળે છે. ધર્મીએ આવા આનંદનો અનુભવ કર્યો છે તેથી ઈન્દ્રના ઈન્દ્રાસન અને ઈન્દ્રાણીના ભોગ તેને કાળા નાગ જેવા દુ:ખરૂપ લાગે છે. ક્રિયામાં ભોગાદિ દેખાય છે પણ અંદરમાં તેને રોગ જેવા લાગે છે. કેમ કે સુખ તો એક આત્મામાં જ છે એવો અનુભવ છે.

જુઓ ! આ ધર્મીનું અને વસ્તુના સ્વરૂપનું કથન છે. સંયોગી ચીજો કે સંયોગીભાવ ધર્મીને સુખબુદ્ધિ ઉપજાવે એવી તેનામાં તાકાત નથી.

જેમ, શંખ ઉજ્જ્વળ છે અને કાળી માટી ખાય છે તેથી કાંઈ શંખ કાળો થઈ જતો નથી. દરિયાની કાળી માટી ખાતાં છતાં શંખ હંમેશા ઉજ્જ્વળ જ રહે છે તેમ ધર્મી ગૃહસ્થાશ્રમમાં પરિગ્રહની વચ્ચે રહ્યો છે, ઘરનાં બધાં માણસો ખાય છે તેવું જ ભોજન આદિ તે ખાય છે, સુવામાં કપડા આદિ પહેરે છે, બધી ક્રિયા કરે છે તોપણ તે અજ્ઞાની થઈ જતો નથી.

દુનિયાને દુનિયાની ભાષામાં કહેવું પડે છે કે ધર્મી ભોગાદિ ભોગવે છે પણ ખરેખર આનંદના ભોગ પાસે તેને રાગનો અને પરનો અનુભવ જ નથી. સમ્યગ્દષ્ટિનું એટલું માહાત્મ્ય છે કે તેને પોતાના આનંદ પાસે બીજે ક્યાંય આનંદ કે સુખ લાગતાં જ નથી. તે સમકિતી ભલે આઠ વર્ષની બાલિકા હોય કે તિર્યંચ–પશુ–દેડકો હોય તેને સ્વરૂપના અનુભવમાં જ સુખ ભાસ્યું છે, બીજે ક્યાંય સુખ ભાસતું નથી.

અમુક રોગની દવા એવી ગંધ મારતી હોય કે કૂતરાની વિષ્ટા કરતાં પણ વધારે દુર્ગંધવાળી હોય, તે દવા જેને લેવી પડતી હોય તેને શું હોંશ હોય છે ! તેમ ધર્મી પરિગ્રહની વચ્ચે ભોગ ભોગવતો દેખાય પણ તેને હોંશ નથી. બહુ સામગ્રી ભેગી કરી છે માટે તેને તેમાં મજા પડે છે–એમ નથી. ભોગવિલાસ કરતો દેખાવા છતાં તેમાં મજા નહીં માનતા જ્ઞાની અજ્ઞાનપણાને પામતાં નથી—જ્ઞાની જ રહે છે.

ग्यानकला दूनी होइ दुंदंदसा सूनी होइ, શુદ્ધ ચૈતન્યદ્રવ્ય સ્વભાવ–એકલો આનંદ સ્વભાવ–જ્ઞાનસ્વભાવની અંતરદષ્ટિ અને અનુભવ હોવાથી ધર્મીને શરીરાદિની ક્રિયા

અને ભોગાદિના સંબંધમાં રહેવા છતાં પણ જ્ઞાનકળા વધતી જ જાય છે અને દ્વંદ્વ નામ રાગદશા સૂની થતી જાય છે—ટળતી જાય છે અને ભવની સ્થિતિ પણ ક્ષણે ક્ષણે ઘટતી જાય છે. આવું વસ્તુનું સ્વરૂપ છે એમ બનારસીદાસજી કહે છે.

આ સાંભળીને કોઈ એમ માને કે જ્ઞાનીને વિષયો સેવવા છતાં બંધ નથી તેમ હું પણ વિષયો પ્રેમથી સેવું છું છતાં બંધ નથી થતો. તેને કહે છે કે એ તો તારી મૂઢતા છે. જ્ઞાનીને તો રાગનો રસ તૂટીને અતીન્દ્રિય આનંદનો રસ ચાખ્યો છે તેની પાસે તેને આખી દુનિયાનો રસ તૂટી ગયો છે તેથી તેને નિર્જરા થાય છે. તને તો આત્માના આનંદનો સ્વાદ તો આવ્યો નથી અને ભોગોના સ્વાદમાં સુખ લાગે છે તો નિર્જરા ક્યાંથી થાય ! તારો અને જ્ઞાનીની દશાનો મેળ ન ખાય.

આવા જીવોને સમજાવવા માટે હવે ૧૯મો શ્લોક અને ૪૦મું પદ્ય કહે છે.

વિષયવાસનાઓથી વિરકત રહેવાનો ઉપદેશ

जौलौं ग्यानकौ उदोत तौलौं नहि बंध होत,
बरते मिथ्यात तब नाना बंध होहि है ।
एसौ भेद सुनिकै लग्यौ तू विषै भोगनिसौं,
जोगनिसौं उद्दमकी रीति तैं बिछोहि है ॥
सुनु भैया संत तू कहै मैं समकितवंत,
यहु तौ एकंत भगवंतकौ दिरोहि है ।
विषैसौ विमुख होहि अनुभौ दसा अरोहि,
मोख सुख येहि तोहि एसी मति सोहि है ॥४०॥

અર્થ :—હે ભાઈ ભવ્ય ! સાંભળો. જ્યાં સુધી જ્ઞાનનો પ્રકાશ રહે છે ત્યાં સુધી બંધ થતો નથી અને મિથ્યાત્વના ઉદયમાં અનેક બંધ થાય છે, એવી ચર્ચા સાંભળીને તમે વિષયભોગમાં લાગી જાવ તથા સંયમ, ધ્યાન, ચારિત્રને છોડી દો અને પોતાને સમ્યક્ત્વી કહો તો તમારું આ કહેવું એકાંત મિથ્યાત્વ છે અને આત્માનું અહિત કરે છે. વિષયસુખથી વિરકત થઈને આત્મ-અનુભવ ગ્રહણ કરીને મોક્ષસુખ સન્મુખ જુઓ એવી બુદ્ધિમત્તા તમને શોભા આપશે.

जौलौं ग्यानकौ उदोत—જ્યાં સુધી રાગ અને સંયોગથી ભિન્ન સ્વરૂપનો અનુભવ છે ત્યાં સુધી તો બંધ નહિ થાય. પણ જ્યાં વિષયમાં સુખબુદ્ધિ થઈ, રાગમાં હોંશ આવી ત્યાં તો મિથ્યાત્વમાં વર્તન થયું. તેને બંધ જરૂર થશે. ભલે વસ્તુ નાનામાં નાની હો પણ તેનો પ્રેમ થયો, રાગમાં રુચિ થઈ તો તે મિથ્યાત્વભાવ છે. પોતાની આબરૂની

કે કીર્તિની વાત સાંભળે ત્યાં હોંશ આવે–મોટપ લાગે છે તો તું મિથ્યાદૃષ્ટિ છો અને જ્યાં મિથ્યાત્વ છે ત્યાં મોહનીય સહિત આઠેય કર્મનો બંધ થાય છે.

જ્યાં ચૈતન્ય ઉપર દૃષ્ટિ છે, અંતરનો આનંદ વર્તે છે ત્યાં કદાચિત તીર્થંકરગોત્રને યોગ્ય ઊંચામાં ઊંચો શુભવિકલ્પ ઊઠતો હોય તોપણ તેમાં હેયબુદ્ધિ છે—દુ:ખબુદ્ધિ છે.

કોઈ લખે છે કે મોક્ષમાર્ગ બે છે. મોક્ષમાર્ગ પણ બંધનું કારણ છે;—પણ એમ નથી. જેટલી સ્વભાવની દૃષ્ટિ છે તે તો સંવર-નિર્જરાનું જ કારણ છે, તે જ મોક્ષમાર્ગ છે. સાથે જે રાગનો ભાગ છે તે બંધનું કારણ છે પણ તે કાંઈ મોક્ષમાર્ગ નથી–રત્નત્રય નથી. રત્નત્રય કદી બંધનું કારણ ન હોઈ શકે. નિશ્ચયરત્નત્રય જ ખરાં રત્નત્રય છે, વ્યવહારરત્નત્રય એ કાંઈ રત્નત્રય નથી.

ધર્મીને પણ જેટલા અંશે રાગ છે એટલો બંધ છે અને જેટલી વીતરાગતા છે એટલી નિર્જરા છે પણ અહીં તો સમ્યગ્દર્શનની શુદ્ધતાના માહાત્મ્ય પાસે રાગાદિને પોતાનો ગણ્યો નથી તેથી ધર્મીને બંધ નથી એમ કહ્યું છે.

અરે ! એક સાકરનો ગાંગડો મોઢામાં પડ્યો અને સારો લાગ્યો તો એ મિથ્યાત્વભાવ છે. પ્રશ્ન થાય કે મીઠી વસ્તુને મીઠી જાણવી એ તો સમ્યક્ જ્ઞાન થયું તેમાં મિથ્યાત્વ ક્યાં આવ્યું ?–એણે સાકર મીઠી છે એમ માત્ર જાણ્યું નથી પણ તેની મજા લીધી છે–સાકર સારી લાગી છે તે મિથ્યાત્વ છે. પોતાના ભગવાન આત્માના અતીન્દ્રિય આનંદની મીઠાશની ખબર નથી અને જ્યાં ત્યાં મીઠાશ માનીને મજા લેવા જાય છેં પણ પોતાના સ્વાદ પાસે તો એ કડવા ઝેર જેવો સ્વાદ છે તેમાં એ મીઠાશ વેદે છે એ જ મિથ્યાત્વભાવ છે. આવા મિથ્યાત્વભાવ સહિત એ કદાચ ત્યાગી હોય તોપણ તે ભોગી જ છે અને જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં ભોગના સંબંધમાં હોય છતાં તેમાં મીઠાશ વેદતો નહિ હોવાથી છૂટતો જાય છે કેમ કે રાગ અને સંયોગ તેની દૃષ્ટિનો વિષય જ નથી.

एसौ भेद सुनिकै लग्यौ तू विषै भोगनिसौं—જ્ઞાનીને બંધ નથી એ વાત સાંભળીને જો તું વિષયભોગમાં લાગી ગયો–વિષય લગની લાગી–રસ આવ્યો તો એ તો ઊલટું મિથ્યાત્વ વધ્યું છે. સ્વરૂપની સાવધાની તો તેં છોડી દીધી અને રાગની સાવધાનીમાં જોડાઈ ગયો અને કર્મ નિર્જરી જાય છે એમ માને છો તો તું મૂઢ છો. અનેક પ્રકારના દર્શન મોહ સહિત સાત–આઠ કર્મોનો બંધ તને થાય છે.

વિષયની રુચિવાળો તો એકલા બંધમાં જ પડ્યો છે. રાગના પ્રેમમાં પડેલો તે પોતાને સમકિતવંત કહે છે તે તદ્દન જૂઠું છે, એકાંતે મિથ્યાત્વ છે—આત્માનું અહિત કરનાર છે. વિષયનો તને રસ છે, ઉલ્લાસીત વીર્યથી રાગને સેવે છો અને હું સમકિતવંત છું એમ કહે છો તો તું સર્વજ્ઞપરમાત્માનો દ્રોહી છો—દ્વેષી છો અને સર્વજ્ઞસ્વભાવી આત્માનો પણ દ્વેષી છો.

જેને સંયોગમાં સુખ ભાસ્યું છે તે ભગવાન આત્માનો વૈરી થયો અને વીતરાગ ભગવાનનો પણ વેરી થયો. આવા દૃષ્ટિના તોલ બહારના માપથી થાય તેમ નથી. જ્ઞાની નામ ધરાવીને વિષયનો રસ રાખે, તેમાં સુખબુદ્ધિ રાખે અને કહે કે અમારે ભોગમાં પણ નિર્જરા થાય છે તો તું તારા આત્માનું અહિત કરનાર છો.

આનો અર્થ એમ પણ નથી કે જ્ઞાનીને વિષયનું સેવન જ ન હોય, જ્ઞાનીને વિષયસુખથી વિમુખતા થઈ જાય—વિરક્તિ આવી જાય એમ સમજવું. સમયસારના કર્તાકર્મ અધિકારની ૭૨મી ગાથાનો કેટલાંક લોકો એમ અર્થ કરે છે કે જે વિષયથી નિવર્તતો નથી તે જ્ઞાની નથી. પણ તેનો અર્થ એમ નથી. અભિપ્રાયમાં જે રાગથી નિવર્તતો નથી તે જ્ઞાની નથી—એમ તેનો અર્થ છે. અભિપ્રાયમાં જે રાગનો રસ પડયો હોય અને કહે કે અમારે આસ્રવ નથી, બંધ નથી....તો તે જૂઠો છે, પોતાનું અહિત કરનાર છે. તે વિષયથી વિરક્ત નથી માટે તેને બંધ થાય જ છે.

કકડીને ભૂખ લાગી હોય અને સામે મેવા, મીઠાઈ તૈયાર પડ્યાં હોય તો ખાવાનો વિકલ્પ ઊઠે અને ખાવાની ક્રિયા પણ થાય. પરંતુ જ્ઞાનીની દૃષ્ટિ કે રુચિ તેના ઉપર નથી. વિકલ્પ આવે છે તેના ઉપરથી દૃષ્ટિ ખસી ગઈ છે તે વિષયથી વિમુખ છે અને જેની દૃષ્ટિ વિષય ઉપર પડી છે તે કદાચિત્ બહારથી બ્રહ્મચર્ય પાળતો હોય તોપણ વિષયથી વિમુખ નથી પણ વિષય સન્મુખ છે. રાગનો ભોગ કરે છે એ જ મોટો ભોગી છે.

विषैसौ विमुख होहि अनुभौ दसा अरोहि। રાગમાં સુખબુદ્ધિ છોડી દઈને આત્માના આનંદના અનુભવમાં રહે છે તેને વિષયસુખથી વિરક્ત કહેવામાં આવે છે. જ્ઞાની રાગની સન્મુખ નથી, રાગથી વિમુખ છે અને સ્વભાવની સન્મુખ છે, જ્યારે અજ્ઞાની રાગની સન્મુખ છે અને સ્વભાવથી વિમુખ છે. જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે આટલો ફેર છે. સુંવાળા શરીર આદિ વિષયોને જોઈને અંદરમાં ઉમ્મેદ આવે છે તે વિષયની સન્મુખ જ છે. હજારો રાણી છોડીને ત્યાગી થયો હોય પણ અંદરમાં જો શુભરાગનો પણ પ્રેમ અને એક્તાબુદ્ધિ છે તો તે વિષયની સન્મુખ જ પડેલો છે.

मोख सुख टोहि तोहि एसी मति सोहि है। મોક્ષસુખ તરફ જો–તારું સુખ તેમાં છે, રાગમાં ક્યાંય સુખ નથી. મોક્ષસુખને અંતરમાં ખોજ તો તેમાં તારી શોભા છે, રાગમાં તારી શોભા નથી. મિથ્યાત્વનું કલંક છે.

ભાવાર્થ :—જ્ઞાનીને બંધ થતો નથી એવો એકાંતપક્ષ ગ્રહણ કરીને વિષયસુખમાં નિરંકુશ ન થઈ જવું જોઈએ, મોક્ષસુખની સન્મુખ જવું જોઈએ, વિષયસુખને આધીન ન થવું જોઈએ. જ્યાં આનંદની ગંધ પણ નથી ત્યાં આનંદ માનનાર મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

હવે ૨૦મા કળશમાં કહે છે કે સમકિતીનો સ્વભાવ રાગના ત્યાગનો છે. આ જ વાત પંડિત બનારસીદાસજી ૪૧મા પદ્યમાં કહે છે.

જ્ઞાનીજીવ વિષયોમાં નિરંકુશ રહેતા નથી.

ग्यानकला जिनके घट जागी ।
ते जगमांहि सहज वैरागी ।
ग्यानी मगन विषय-सुख मांही,
यह विपरीत संभवै नांही ॥४१॥

અર્થ :—જેમનાં ચિત્તમાં સમ્યગ્જ્ઞાનના કિરણો પ્રકાશિત થયા છે તેઓ સંસારમાં સ્વભાવથી જ વીતરાગી રહે છે. જ્ઞાની થઈને વિષયસુખમાં આસક્ત હોય એવી ઊલટી રીત અસંભવ છે.

ધર્મી રાગના ભાવથી ઉદાસ છે. સ્વભાવના આદરની દૃષ્ટિમાં સમ્યક્ ધર્મીને રાગનો ત્યાગ વર્તે છે–રાગનો રાગ નથી–રાગથી વૈરાગ્ય છે. દૃષ્ટિનો વિષય અને સમ્યગ્દૃષ્ટિની દશા કોઈ સાધારણ નથી, અલૌકિક છે. 'જ્ઞાયકાભાવ' એ સમ્યગ્દૃષ્ટિનો વિષય છે. જેને જ્ઞાયકભાવની દૃષ્ટિ અંતરમાં ઉછળી છે તેને આત્મામાં જ આનંદ ભાસે છે. જગતથી તેને વૈરાગ થઈ જાય છે. ભરતચક્રવર્તીની વાત આવે છે ને! 'ભરતજી ઘરમેં હી વૈરાગી.' છ ખંડનું રાજ્ય અને ૯૬ હજાર સ્ત્રી આદિ સ્મશાનના લાકડાં સમાન લાગે છે. શરીર પણ મૃતક કલેવર છે. કોઈ પણ પરદ્રવ્યનો રાગ કે પ્રેમ અંતરરુચિમાં આવતો નથી.

ધર્મીને વસ્તુના અસ્તિભાવનો અનુભવ છે અને એક વિકલ્પથી માંડીને આખી દુનિયાથી વૈરાગ્ય છે. તેથી તેને જ્ઞાની કહેવાય છે. માટે, જ્ઞાની હોય અને વિષયસુખમાં મગ્ન હોય એવી વિપરીત વાત સંભવી શકતી નથી. ઈન્દ્ર સમ્યગ્દૃષ્ટિ–જ્ઞાની છે તેને

કરોડો ઈન્દ્રાણી છે પણ તેમાં ક્યાંય સુખબુદ્ધિ નથી. બહારથી જોતાં અજ્ઞાનીને એમ દેખાય કે ધર્મીને ભોગની ક્રિયામાં રાગ છે—પ્રેમ છે પણ એ પ્રેમ વેશ્યાના પ્રેમ જેવો છે.

એક મ્યાનમાં બે તલવાર ન રહે તેમ જેને વિષયસુખની બુદ્ધિ છે તેને સમ્યગ્દર્શન ન રહે. છતાં સમ્યગ્દર્શન છે એમ માને છે તો તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એનાથી વિપરીત, જેને સમ્યગ્દર્શન છે તેને વિષયસુખમાં રુચિ રહી શક્તી નથી. અતીન્દ્રિય આનંદના સ્વાદ પાસે વિસયસુખનો વિકલ્પ એને ઝેર જેવો લાગે છે. લાડવો ખાતા વચ્ચે કાંકરી આવે તો ફટ મોઢામાંથી કાઢી નાંખે છે તેમ અતીન્દ્રિય આનંદના વેદન પાસે આ વિષયસુખ ઝેરની કાંકરી જેવા લાગતાં હોવાથી જ્ઞાની તેને કાઢી નાખવા માગે છે. દૃષ્ટિમાંથી તો કાઢી જ નાંખ્યા છે અને સ્થિરતામાં પણ વિષયસુખ પોષાતા નથી—છૂટવા માગે છે.

આવી સમ્યગ્દૃષ્ટિની કિંમત છે. તેનું ધ્યેય ધ્રુવ ઉપર છે. આનંદના ધામમાં દૃષ્ટિ પડી છે તેની દૃષ્ટિ વિષયસુખમાં હોઈ જ ન શકે. ચૈતન્યરસને લૂંટી જાય એવો કોઈ નાનામાં નાનો પણ વિષયરસ તેને ન હોય.

"જ્ઞાન અને વૈરાગ્ય એકસાથે જ હોય છે"

ग्यान सकति वैराग्य बल, सिव साधैं समकाल ।
ज्यौं लोचन न्यारे रहैं, निरखैं दोऊ नाल ॥४२॥

અર્થ :—જ્ઞાન અને વૈરાગ્ય એકસાથે ઊપજવાથી સમ્યગ્દૃષ્ટિ જીવ મોક્ષમાર્ગને સાધે છે, જેમ કે આંખ જુદી જુદી રહે છે પણ જોવાનું કામ એકસાથે કરે છે.

સ્વરૂપના આનંદનું જ્ઞાન અને એ જ ક્ષણે રાગના અભાવવાળા વૈરાગ્યનું બળ એકસાથે હોય છે. શુદ્ધ ધ્રુવનો આદર અને રાગથી માંડીને સર્વ ચીજનો વૈરાગ્ય—આ બન્ને ભાવ એકસાથે જ હોય છે. ધ્રુવ ઉપર દૃષ્ટિ પડી છે તેથી રાગાદિ અધ્રુવ ચીજથી વૈરાગ્ય વર્તે છે.

કોઈ એમ કહે કે સમકિતી હોય તેને રાગ હોય—ભોગ હોય—બધું હોય. ન હોય ભાઈ ! માત્ર બહારનો સંયોગ હોય પણ તેનો પ્રેમ ન હોય. સંયોગ તો તેના કાળમાં અને ક્ષેત્રમાં હોય પણ તે કાંઈ જ્ઞાનીના કાળમાં કે ક્ષેત્રમાં આવી જતાં નથી. રાગની એકતા તૂટી છે તેથી પોતાના સ્વકાળ કે સ્વક્ષેત્રમાં તેનો પ્રવેશ નથી. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. અતીન્દ્રિય આનંદપદનું ભાન થયું ત્યાં રાગપદનો આદર કેમ હોય ! અસ્તિસ્વભાવનું જ્ઞાન અને રાગાદિથી વૈરાગ આ બન્ને સાથે જ હોય. રાગનો

વૈરાગ અને સ્વરૂપના ભાનથી જ સમકિતી મોક્ષને સાધે છે.

જ્ઞાન હોય અને વૈરાગ ન હોય તો એ જ્ઞાન જ નથી અને વૈરાગ હોય અને જ્ઞાન ન હોય તો એ વૈરાગ જ નથી. જ્ઞાનાનંદસ્વરૂપની સન્મુખતા અને રાગથી વિમુખતા એકસાથે જ થાય છે. બંને આંખ જુદી હોવા છતાં કામ એકસાથે કરે છે તેમ જ્ઞાન અને વૈરાગ બે જુદાં ગુણ હોવા છતાં નિર્જરાનું કામ એકસાથે મળીને કરે છે. આત્માનો અનુભવ અને રાગથી વૈરાગ્ય આ બંને વડે કર્મની નિર્જરા થાય છે. બહારથી સ્ત્રી, પુત્રાદિ છોડી દેવાથી વૈરાગ થઈ જતો નથી. સમ્યગ્જ્ઞાન સહિત રાગથી વૈરાગ્ય–તે જ સાચો વૈરાગ્ય છે અને વૈરાગ વિનાનું જ્ઞાન પણ જ્ઞાન નથી. વૈરાગ સહિતનું જ્ઞાન જ સમ્યગ્જ્ઞાન છે.

એકલું જ્ઞાન કે એકલો વૈરાગ મોક્ષમાર્ગને સાધી શકતો નથી. પૂર્ણાનંદસ્વરૂપની પ્રતીત, જ્ઞાન અને રાગથી વૈરાગ એ બંને મળીને મોક્ષમાર્ગને સાધે છે. જ્ઞાન અને વૈરાગ સાથે જ રહે છે અને સાથે જ કામ કરે છે.

ભાવાર્થ :—જેવી રીતે આંખ જુદી જુદી હોવા છતાં પણ જોવાની ક્રિયા એકસાથે કરે છે તેવી જ રીતે જ્ઞાન અને વૈરાગ્ય એક સાથે કર્મની નિર્જરા કરે છે. જ્ઞાન વિનાનો વૈરાગ્ય અને વૈરાગ્ય વિનાનું જ્ઞાન મોક્ષમાર્ગ સાધવામાં અસમર્થ છે. *(ક્રમશઃ)*

*

હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું એમ જ્ઞાયકના લક્ષે જે જીવ સાંભળે છે, તેને સાંભળતાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે, તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્‌સન્મુખતા રહે છે; મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે, આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજી સમ્યગ્દર્શન ન થયું હોય, જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્‌ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું, જ્ઞાયક છું. એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહતભાવ કહ્યો છે તેમ સમ્યક્‌સન્મુખતાના એવા દૃઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છૂટકો. જેમ સમયસાર ગાથા ૪મા કહ્યું છે કે મિથ્યાત્વનું એકછત્ર રાજ્ય ચાલે છે તેમ જ્ઞાયકનું એકછત્ર લક્ષ આવવું જોઈએ. ઉપયોગ જ્ઞાનમાં એકમાં ન ટકે તો દ્રવ્ય–ગુણ–પર્યાય આદિ વિચારમાં ફેરવે. ઉપયોગને બારીક કરે, ઉપયોગને સૂક્ષ્મ કરતો કરતો જ્ઞાયકના જોરથી આગળ વધે તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.

*—જ્ઞાનવૈભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવ*

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—** *શું પોતાનું અસ્તિત્વ યથાર્થપણે ગ્રહણ થાય તો જ તેને દ્રવ્ય-ગુણ-પર્યાયનું સાચું જ્ઞાન થાય ? તથા 'સત્ ચિદાનંદ'માં 'સત્' પહેલાં કેમ લીધું છે ?*

**સમાધાન :—** હું આત્મા ધ્રુવ શાશ્વત હયાતીવાળી (સત્) એક વસ્તુ છું એમ જ્ઞાનમાં પહેલાં નક્કી થવું જોઈએ. તેમાં એક અસ્તિત્વગુણ નહિ પણ જ્ઞાન-આનંદાદિ અનંતગુણોથી ભરેલો આખો પદાર્થ છું. હું એક હયાતીવાળી વસ્તુ છું એટલે કે ચૈતન્યરૂપે મારું અસ્તિત્વ છે. જડરૂપે મારું અસ્તિત્વ નથી. આમ પહેલાં ગ્રહણ કરે કે મારી હયાતી છે; પછી તે પદાર્થ કેવો છે ? તો કહે છે કે જ્ઞાન-આનંદાદિ અનંતગુણોથી ભરેલો છે. જ્ઞાન-આનંદથી ભરપૂર મારું અસ્તિત્વ છે. તેમાં જ્ઞાનરૂપે, આનંદરૂપે એમ અનંતગુણરૂપે મારું અસ્તિત્વ ભેગું આવી જાય. આમ જગતમાં બધી વસ્તુ સત્ છે.

આત્માની હયાતી જ ન હોય તો જ્ઞાન-આનંદાદિ બધા ગુણો શેમાં હોય ? જો વસ્તુની હયાતી હોય તો તેમાં ગુણો હોય પણ જેની હયાતી જ નથી તેમાં ગુણો કેવી રીતે હોય? જો શાશ્વત વસ્તુ જ નથી તો જ્ઞાન અને આનંદ રહેશે શેમાં ? વેદન થાશે શેમાં ? અનંતકાળ ગયો, અનંત જન્મ-મરણ કર્યાં પણ જ્ઞાયકનું અસ્તિત્વ જ્ઞાયકરૂપે જ રહ્યું છે. તે નિગોદ–નરકમાં ગયો–ગમે તે ક્ષેત્રમાં રહ્યો અને ગમે તેવા ઉપસર્ગ-પરીષહ આવ્યા, પણ ચેતનનું અસ્તિત્વ ચેતનરૂપે રહ્યું છે; તેનો નાશ થતો નથી. જ્ઞાયકની જ્ઞાયકરૂપે હયાતી ક્યારેય છૂટતી નથી. નાશ પામતી નથી તે તેનો ભાવ છે. આમ અસ્તિત્વનો મહિમા છે. અને તે ગ્રહણ થતાં દ્રવ્ય-ગુણ-પર્યાય બધાંનું જ્ઞાન સાથે થઈ જાય છે.

મુમુક્ષુ:—પદાર્થમાં જ્ઞાન અને આનંદ કહેતાં તેમાં ભાવ દેખાય છે પણ સત્ કહેતાં તેમાં કાંઈ ભાવ દેખાતો નથી ?

બહેનશ્રી:—આનંદમાં વેદન અને જ્ઞાનમાં જાણવાનો ગુણ (સ્વભાવ) છે એટલે તેઓ ભાવથી ભરેલા દેખાય એમ અસ્તિત્વ પણ લૂખું અને ખાલી નથી, જ્ઞાન-આનંદાદિ અનંતગુણોથી ભરેલું અસ્તિત્વ છે. જેમ અગ્નિમાં ઉષ્ણતા ગુણ છે અને પાણીમાં શીતળતા ગુણ છે તો તેના ગુણોથી બીજાને પકડાય છે તેમ આત્મા જ્ઞાયક સ્વરૂપ છે. જ્ઞાયકનું અસ્તિત્વ ધરાવે તે આત્મા છે અને જે જાણતું નથી તે જડ છે. આમ બંને (પોતપોતાના) ગુણથી પકડાય છે. (ગ્રહણ થાય છે.) *

[તા. ૫-૧૧-૨૦૦૦]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મ-જ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી નિયમસાર ઉપર (૧૯૬૬ના) પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્રવાંચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : 'શ્રી પરમાત્મ-પ્રકાશ' ઉપર (૧૯૬૫ના) પૂ. ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

શ્રી મહાવીર—નિર્વાણકલ્યાણકકા પંચાહ્નિક વાર્ષિક મંગલ ઉત્સવ (—દીપાવલીકા મંગલ અવસર) 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણક-મંડલવિધાન' પૂજાપૂર્વક આનન્દોલ્લાસ સહ મનાયા ગયા. પૂજાકે સમય 'શ્રી મહાવીર—કુન્દકુન્દ દિ૦ જૈન પરમાગમમન્દિર' ઉપાસકોંસે પ્રાયઃ પૂરા ભર જાતા થા. પૂજ્ય ગુરુદેવશ્રી એવં પૂજ્ય બહિનશ્રીકે પાવન પ્રતાપસે અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમેં વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુકે પ્રતિ શ્રદ્ધાભક્તિભીને એવં સ્વાનુભવમહિમારસભીગે અધ્યાત્મ વાતાવરણકા અમૂલ્ય લાભ લેનેકે લિયે ઇસ દીપાવલી—ઉત્સવમેં બૃહદ્મુમ્બઈ, રાજકોટ, અહમદાબાદ, ભાવનગર, જામનગર, ખંડવા, ઉદયપુર, સુરેન્દ્રનગર, અમેરિકા એવં તદતિરિક્ત સૌરાષ્ટ્રકે અન્ય અનેક ગાંવોંસે મુમુક્ષુ મહાનુભાવ સોનગઢ આયે થે.

ઇસ મહાવીર નિર્વાણ-પંચાહ્નિક મંગલ અવસર પર કાયમી મંડલવિધાનપૂજા ૪૧ મહાનુભાવોંકી ઓરસે તથા પ્રાસંગિક મણ્ડલવિધાન ૨ મહાનુભાવકી ઓરસે રખી ગઈ થી.

**'કાર્તિકી-નન્દીશ્વર-અષ્ટાહ્નિકા'** કે મંગલ અવસર પર દિનાંક ૪-૧૧-૨૦૦૦, શનિવારસે ૧૧-૧૧-૨૦૦૦, શનિવાર તક શ્રી પંચમેરુ-નન્દીશ્વરવિધાનપૂજા (કાયમી) ૧૪ મહાનુભાવકી ઓરસે રખી ગઈ હૈ.

**'શ્રી કુન્દકુન્દ-આચાર્યપદારોહણદિન'** : પૌષ કૃષ્ણા ૮ (-માગશર વદ ૮), દિનાંક ૧૮-૧૨-૨૦૦૦, સોમવારકે રોજ, પરમાગમ શ્રી સમયસાર આદિ અધ્યાત્મશ્રુતકે પ્રણેતા પરમપૂજ્ય ઋષીશ્વર શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવકા 'આચાર્યપદારોહણદિન' વિશેષ પૂજાભક્તિ એવં જ્ઞાનોપાસનાપૂર્વક મનાયા જાયેગા.

*

### પરમપૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીકે
### વાર્ષિક-સમાધિદિન-નિમિત્ત સાધનાતીર્થ સોનગઢમેં પંચદિવસીય

# ધાર્મિક કાર્યક્રમ

ભગવત્કુન્દકુન્દ-અધ્યાત્મમાર્ગપ્રવર્તક હમારે પરમ-તારણહાર, પરમોપકારી, પરમ-પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીકી પવિત્ર સમાધિકા બીસવાં વાર્ષિક દિન વિ.સં. ૨૦૫૭, મંગસિર વદી ૭ (—કારતક વદ ૭), શનિવાર, દિ૦ ૧૮-૧૧-૨૦૦૦ કે રોજ હૈ. ઉપકારમેરુ પૂજ્ય ગુરુદેવશ્રીકે દુ:ખદ વિરહકે ઈસ સાંવત્સરિક સમાધિદિન નિમિત્ત દિ૦ ૧૪-૧૧-૨૦૦૦, મંગલવારસે દિ૦ ૧૮-૧૧-૨૦૦૦, શનિવાર—પાંચ દિન તક જ્ઞાન-વૈરાગ્ય-ભક્ત્યુપાસના-પ્રધાન 'ધાર્મિક કાર્યક્રમ'—શ્રી પંચપરમેષ્ઠિમણ્ડલ-વિધાનપૂજા, જિનેન્દ્ર એવં ગુરુભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીકે અધ્યાત્મરસપૂર્ણ ટેપપ્રવચન, યાત્રાવિડિયો દ્વારા ગુરુદર્શન, ઉપકારમૂર્તિ પૂજ્ય બહિનશ્રી ચમ્પાબહિનકી વિડિયો—ધર્મચર્ચા, વિદ્વત્-શાસ્ત્રસભા ઈત્યાદિ વિવિધ કાર્યક્રમ—રખે ગયે હૈં.

'ગુરુદેવ સમાધિદિન' અવસર પર કાયમી મંડલવિધાનપૂજા--૩ મહાનુભાવોંકી ઓરસે રખી ગઈ હૈ.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય એવં ગુરુભક્તિકા લાભ લેને હેતુ ઈસ 'ધાર્મિક કાર્યક્રમ'કે અવસર પર ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહિનોંકો શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમન્દિર ટ્રસ્ટકી ઓરસે સોનગઢ પધારનેકા સહૃદય આમન્ત્રણ હૈ. 'પૂજ્ય—ગુરુદેવશ્રી કાનજીસ્વામી-ઉપકારસ્મૃતિ'કે ઈસ સાંવત્સરિક પ્રસંગ પર પધારનેસે આપ સબકો 'કહાનગુરુસાધનાતીર્થ' શ્રી સુવર્ણપુરીકી ભવ્ય યાત્રાકા એવં ઈસ સાધનાતીર્થકે મનોજ્ઞ જિનાયતનોંમેં વિરાજમાન વીતરાગભાવવાહી વિશાલ જિનબિમ્બોંકે પાવન દર્શન-પૂજન-ભક્તિ ઈત્યાદિકા વિશિષ્ટ લાભ સમ્પ્રાપ્ત હોગા.

# જિનવાણી-પ્રકાશનકે સ્થાયી પુરસ્કર્તૃત્વલાભકા આયોજન

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમન્દિર ટ્રસ્ટ, સોનગઢકે દ્વારા પ્રકાશિત હોનેવાલે શ્રી સમયસાર આદિ પરમાગમ, વચનામૃત-ગ્રંથ એવં અન્ય પ્રવચનગ્રન્થોંમેં 'પ્રકાશન-પુરસ્કર્તા'કે રૂપમેં ઉસ–ઉસ ગ્રન્થમેં દાતાકા નામ સ્થાયી રૂપસે મુદ્રિત કિયા જાયેગા.

જિન શાસ્ત્રોંકે લિયે 'પ્રકાશન-પુરસ્કર્તા'કે રૂપમેં જિન મહાનુભાવકે નામ નિશ્ચિત હુએ હૈં વે નવ નામ અગસ્ત, ૨૦૦૦કે અંકમેં પ્રકાશિત કિયે ગયે થે. તત્પશ્ચાત્ આયે હુએ નામ નિમ્ન પ્રકાર હૈં.–

| શાસ્ત્રકા નામ | 'પ્રકાશન-પુરસ્કર્તા'કા નામ |
|---|---|
| ૧૦. આત્મવૈભવ (ગુજરાતી) | શ્રીમતી ઇન્દિરાબેન નીતીનભાઈ ભીમાણી, યુ.એસ.એ. |

૧૧. આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચન (ગુજરાતી) એવં ૧૨. મોક્ષમાર્ગપ્રકાશક (ગુજરાતી)–શ્રી લલિતાબેન હંસરાજ શાહકે સ્મરણાર્થ (હા. શ્રી હંસરાજભાઈ દેવરાજ શાહ (પતિ), ભરતભાઈ, મનિષભાઈ, કમલભાઈ (પુત્ર), જ્યોતિ, કલ્પના, દિવ્યા (પુત્રવધૂ), લન્દન).

જિન શાસ્ત્રોંકે લિયે 'પ્રકાશન–પુરસ્કર્તૃત્વ'કી જો રકમ ટ્રસ્ટકે દ્વારા નિશ્ચિત કી ગઈ હૈ ઉસકી સૂચિ નિમ્ન પ્રકાર હૈ.–

| | શાસ્ત્રકા નામ | 'પ્રકાશન-પુરસ્કર્તૃત્વ'કી રકમ |
|---|---|---|
| ૧. | શ્રી સમયસાર (હિન્દી) | રુ. ૨,૦૦,૦૦૦ |
| ૨. | શ્રી પ્રવચનસાર (હિન્દી) | રુ. ૧,૫૦,૦૦૦ |
| ૩. | શ્રી પંચાસ્તિકાયસંગ્રહ (હિન્દી) | રુ. ૧,૫૦,૦૦૦ |
| ૪. | શ્રી નિયમસાર (હિન્દી) | રુ. ૧,૫૦,૦૦૦ |
| ૫. | શ્રી અષ્ટપાહુડ (હિન્દી) | રુ. ૧,૫૦,૦૦૦ |
| ૬. | ગુરુદેવશ્રીકે વચનામૃત (હિન્દી) | રુ. ૧,૦૦,૦૦૦ |
| ૭. | બહિનશ્રીકે વચનામૃત (હિન્દી) | રુ. ૧,૦૦,૦૦૦ |
| ૮. | બહિનશ્રીકા જ્ઞાનવૈભવ (હિન્દી) | રુ. ૧,૦૦,૦૦૦ |
| ૯. | સમયસાર-નાટક (ગુજરાતી) | રુ. ૧,૫૧,૦૦૦ |
| ૧૦. | સમયસાર–કલશટીકા (ગુજરાતી) | રુ. ૭૫,૦૦૦ |
| ૧૧. | વચનામૃત–પ્રવચન (ભાગ–૩) ગુજરાતી | રુ. ૧,૦૦,૦૦૦ |
| ૧૨. | વચનામૃત–પ્રવચન (ભાગ–૪) ગુજરાતી | રુ. ૧,૦૦,૦૦૦ |
| ૧૩. | કાર્તિકેય-અનુપ્રેક્ષા (ગુજરાતી) | રુ. ૬૧,૦૦૦ |
| ૧૪. | આત્માનુશાસન (ગુજરાતી) | રુ. ૫૧,૦૦૦ |
| ૧૫. | સમાધિતન્ત્ર (ગુજરાતી) | રુ. ૫૧,૦૦૦ |

| | |
|---|---|
| ૧૬. પદ્મપુરાણ (ગુજરાતી) | રુ. ૧,૦૦,૦૦૦ |
| ૧૭. સમયસાર–પ્રવચન, ભાગ ૧-૨ (ગુજરાતી) | રુ. ૧,૫૧,૦૦૦ |
| ૧૮. સમયસાર–પ્રવચન, ભાગ ૩ (ગુજરાતી) | રુ. ૧,૦૦,૦૦૦ |
| ૧૯. સમયસાર–પ્રવચન, ભાગ ૪ (ગુજરાતી) | રુ. ૧,૦૦,૦૦૦ |
| ૨૦. સમયસાર–પ્રવચન ભાગ ૫ (ગુજરાતી) | રુ. ૧,૦૦,૦૦૦ |
| ૨૧. પુરુષાર્થસિદ્ધ્યુપાય (ગુજરાતી) | રુ. ૬૧,૦૦૦ |
| ૨૨. તત્ત્વજ્ઞાનતરંગિણી (ગુજરાતી) | રુ. ૫૧,૦૦૦ |
| ૨૩. ચિદ્વિલાસ (ગુજરાતી) | રુ. ૪૧,૦૦૦ |
| ૨૪. દ્રવ્યસંગ્રહ (ગુજરાતી) | રુ. ૪૧,૦૦૦ |
| ૨૫. પ્રતિક્રમણ (ગુજરાતી) | રુ. ૫૧,૦૦૦ |
| ૨૬. અનુભવપ્રકાશ (ગુજરાતી) | રુ. ૩૧,૦૦૦ |
| ૨૭. સત્તાસ્વરૂપ (ગુજરાતી) | રુ. ૨૫,૦૦૦ |
| ૨૮. આલોચના (ગુજરાતી) | રુ. ૧૫,૦૦૦ |

## જિનમન્દિર-શિલાન્યાસ-મહોત્સવ : શિવપુરી (મ.પ્ર.)

અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી એવં પ્રશમમૂર્તિ પૂજ્ય બહિનશ્રી ચમ્પાબેનકે સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મ સદુપદેશસે ઉપકૃત શ્રી કુન્દકુન્દ-કહાન દિગમ્બર જૈન મન્દિર ટ્રસ્ટ, શિવપુરી (મધ્ય પ્રદેશ) દ્વારા શિવપુરીમેં 'શ્રી સીમન્ધરસ્વામી દિગમ્બર જિનમન્દિર'કે નવનિર્માણકા આયોજન નિશ્ચિત કિયા ગયા હૈ. ઇસ નિર્માણાધીન ભવ્ય જિનમન્દિરકી શિલાન્યાસવિધિ સોનગઢકે આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે૦ શાહકે શુભ હસ્તસે સ્વસ્તિક-અંકિત પ્રશસ્તિપત્ર, મંગલ કલશ એવં ઈંટોંસે, બુલન્દશહર નિવાસી પંડિત શ્રી કૈલાશચન્દજી જૈન, તત્સુપુત્ર પવન જૈન, પુત્રવધૂ શ્રીમતી આશા જૈન, પૌત્ર સ્વપ્નિલ જૈન આદિકે શુભ હસ્તસે વિ.સં. ૨૦૫૭, પૌષ શુક્લા ૫, શનિવાર તા. ૩૦-૧૨-૨૦૦૦કે શુભ દિન રખી ગઈ હૈ. ઇસ મંગલ અવસર પર સર્વ મુમુક્ષુ ઉક્ત ટ્રસ્ટકે દ્વારા આમન્ત્રિત કિયે ગયે હૈં.

## પૂજ્ય બહિનશ્રીકી ઑડિયો-વાણીકી (C.D.)

પ્રશમમૂર્તિ પૂજ્ય બહિનશ્રી ચમ્પાબેનકી મંગલ વાણીકી ઑડિયો સી.ડી.કા આયોજન શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા (રાજકોટનિવાસી શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર-પરિવારકે સૌજન્યસે) કિયા ગયા હૈ. જો પ્રત્યેક મુમુક્ષુમંડલકો નિઃશુલ્ક ઔર વ્યક્તિગત મુમુક્ષુકો ૪૦% ડિસ્કાઉન્ટસે છહ સી.ડી.કા સેટ રુ. ૩૦૦=૦૦મેં દિયા જાતા હૈ. પ્રાપ્તિસ્થાન : શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ (જિલા ભાવનગર)

**સૂચના :**–પૂજ્ય બહિનશ્રીકી વિડિયો-વાણીકી સી. ડી. (C.D.) શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢકે દ્વારા આયોજનગત હૈ. તૈયાર હોને પર વહ ભી પ્રાપ્ત હો સકેગી. *

# 'મંગલાયતન'-શિલાન્યાસમહોત્સવ

પરમપૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી એવં બહિનશ્રી ચમ્પાબેનકે ભક્તો દ્વારા 'શ્રી આદિનાથ-કુન્દકુન્દ-કહાન દિગમ્બર જૈન ટ્રસ્ટ, અલીગઢ'ને અલીગઢમેં એક વિશાલ જિનાયતન સંકુલ બનાનેકા નિશ્ચય કિયા હૈ.

અલીગઢમેં અલીગઢ-આગરા મુખ્ય માર્ગ પર લગભગ ૪૦ હજાર વર્ગગજકે વિશાલ ભૂખણ્ડ પર, 'મંગલાયતન' કે નામસે પ્રસ્તાવિત ઇસ સંકુલમેં મૂલનાયકકે રૂપમેં ૧૦૦૮ ભગવાન આદિનાથકી પ્રતિમાકો કૈલાશપર્વતકી પ્રતીક ૩૫ ફીટ ઉન્નત્ત કૃત્રિમ પહાડી પર સ્થાપિત કિયા જાયેગા. કમલાસન વ છત્રત્રય સહિત જિનબિમ્બકી ઉંચાઈ ૨૦ ફીટ હોગી. ઇસ પ્રકાર ભગવાન આદિનાથ મન્દિરકી કુલ ઉંચાઈ ૫૫ ફીટ હોગી.

'મંગલાયતન' પરિસરમેં વિધિનાયક ભગવાન મહાવીરસ્વામીકે મન્દિરમેં ભગવાન મહાવીરકે અતિરિક્ત ભગવાન શાન્તિનાથ, ભગવાન પાર્શ્વનાથ વ ભગવાન સીમંધરનાથકી પ્રતિમાએેં સ્થાપિત કી જાયેંગી. પરિસરમેં પ્રસ્તાવિત ભગવાન બાહુબલીસ્વામી મન્દિરમેં ભગવાન બાહુબલીકી ૦૯ ફીટ ઉંચી ખડગાસન પ્રતિમા સ્થાપિત હોગી.

'મંગલાયતન'કે પ્રથમ ચરણમેં હી ૬૩ ફીટ ઉંચેં ભગવાન આદિનાથ માનસ્તમ્ભકે નિર્માણકી ભી યોજના હૈ.

'મંગલાયતન'કે ઇન ચારોં જિનાયતનોંકા શિલાન્યાસ-મહોત્સવ બુધવાર, ૨૭ દિસમ્બર, ૨૦૦૦ કો હોના નિશ્ચિત હુઆ હૈ. શિલાન્યાસ-વિધિ બ્ર. પં. ચન્દુભાઈ ઝોબાલિયા, સોનગઢ એવં બ્ર. પં. વ્રજલાલ શાહ, વઢવાન કરાયેંગે.

'મંગલાયતન'કે શિલાન્યાસ-મહોત્સવમેં પધારનેકે ઇચ્છુક મુમુક્ષુ ભાઈ-બહનોંસે અપને પધારનેકી પૂર્વ સૂચના અતિ શીઘ્ર ભેજને કી પ્રાર્થના કી ગયી હૈ.

સમ્પર્ક સૂત્ર—

અલીગઢ—શ્રી આદિનાથ-કુન્દકુન્દ-કહાન દિગમ્બર જૈન ટ્રસ્ટ દ્વારા
પવન જૈન, 'વિમલાંચલ', હરીનગર, અલીગઢ--૨૦૨૦૦૧
ફોન—૪૧૦૦૧૦, ૪૧૦૦૧૧, ફેક્સ—૪૧૦૦૧૯, ૪૧૧૦૨૨;
e-mail : pavna@nde.vsnl.net.in; pavnzadi@agr.dot.net.in.

## વૈરાગ્ય સમાચાર :—

મુંબઈનિવાસી શ્રી અનસૂયાબેન કાંતિલાલ શેઠ (શ્રી નાનાલાલભાઈ જસાણીના સુપુત્રી) (વર્ષ-૮૦) ટૂંકી બિમારીથી તા. ૧૭-૧૦-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને તત્ત્વજ્ઞાનની રુચિ અને આત્માનું હિત શીઘ્ર કરી લેવાની ઘણી ભાવના હતી. દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવનાના અનેક પ્રસંગોમાં તેમના ઉદાર હૃદયનો પરિચય થતો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીનું પરમ પ્રિય જે પરમાગમ શ્રી સમયસાર તેના સ્થાયી 'પ્રકાશન-પુરસ્કર્તૃત્વ'નો લાભ લઈને તેમણે પોતાના સૌભાગ્યને સાર્થક કર્યું હતું. તેઓ શાંત અને સાધર્મીવાત્સલ્ય સ્વભાવવાળા હતા.

સુરતનિવાસી શ્રી કનુભાઈ ડાહ્યાલાલ શાહ (વર્ષ-૫૫) તા. ૧૬-૧૦-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

કલકત્તાનિવાસી શ્રી અશ્વિનભાઈ છોટાલાલ શાહ (વર્ષ-૪૯) તા. ૨૧-૧૦-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ખારનિવાસી શ્રી હંસાબેન કિશોરભાઈ (—તે શ્રી રતિભાઈ હીરાચંદ શાહના સુપુત્રી) (વર્ષ-૬૦) પેટના કેન્સરની ટૂંકી માંદગીથી સ્વર્ગવાસ પામ્યા છે.

શિવપુરીનિવાસી શ્રી કશ્મીરીલાલ એલ. જૈન (વર્ષ-૬૬) સોનગઢમાં વહેલી સવારે પાલિતાણા રોડ ઉપર ફરવા જતાં અકસ્માત થતાં સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વર્ગવાસ બાદ તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચનોથી અત્યંત પ્રભાવિત થઈને સોનગઢ નિયમિત આવીને રહેતાં અને લાભ લેતા હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

**આ અજ્ઞાની પ્રાણી, અમુક મરી ગયા, અમુક મરણ સન્મુખ છે અને અમુક ચોક્કસ મરશે જ—આમ હંમેશા બીજાના વિષયમાં તો ગણતરી કર્યા કરે છે. પરંતુ શરીર, ધન, સ્ત્રી આદિ વૈભવમાં મહા મોહથી પકડાયેલો મૂર્ખ મનુષ્ય પોતાની સમીપ આવેલા મૃત્યુને દેખતો પણ નથી.**

*—શ્રી સુભાષિતરત્નસંદોહ*

# ✽ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ✽

✽ હું મુક્ત જ છું, રાગ અને તેના સંબંધે બંધપણું મારામાં છે જ નહિ. સમયસારની ૧૪મી ગાથામાં કહ્યું છે : જે આત્માને અબદ્ધસ્પૃષ્ટાદિ ભાવોરૂપ એટલે કે મુક્તસ્વરૂપ દેખે છે—અનુભવે છે તેને શુદ્ધનય જાણજે. કર્મ તો પર ચીજ છે, તેની સાથે તો જીવને પરમાર્થે સંબંધ છે જ નહિ, પણ રાગાદિ વિભાવો સાથે પણ ખરેખર સંબંધ નથી. આત્મા તો રાગાદિના સંબંધ વિનાની અબંધ ચીજ છે. અબંધ કહો કે મુક્ત કહો. અહા ! દૃષ્ટિએ જ્યારે દ્રવ્યને લક્ષમાં લીધું ત્યારે 'હું મુક્ત જ છું' એવો અનુભવ થયો.૧૯૧.

✽ ભાઈ ! તું તારા સ્વભાવમાં એકાગ્ર થા ને ! આખા લોકમાં તારાથી અધિક બીજું શું છે ? તું જ પૂર્ણ શુદ્ધ પરમેશ્વર છો. સર્વમાં અધિક છો. તારા હિતના માર્ગે તું એકલો જઈ શકે છો. તારો માર્ગ તારાથી અજાણ્યો નથી. મુક્તિમાં તું એકલો જઈ શકે છો. અત્યાર સુધીમાં જે જીવો મોક્ષમાં ગયા તે બધાં પોતાના સ્વસંવેદનથી આત્માને જાણીને એકલા જ મોક્ષમાં ગયા છે. ૧૯૨.

✽ શ્રી નિયમસાર કળશ–૧૭૬મા કહે છે કે આત્મા નિરંતર સુલભ છે. આહાહા ! આત્મા નિરંતર વર્તમાન સુલભ છે. વર્તમાન સુલભ છે એનું તાત્પર્ય એ છે કે આત્મા વર્તમાનમાં જ છે, તેનો વર્તમાનમાં જ આશ્રય લે ! ભૂતકાળમાં હતો અને ભવિષ્યમાં રહેશે એમ ત્રિકાળ લેતા તેમાં કાળની અપેક્ષા આવે છે. તેથી વર્તમાનમાં જ ત્રિકાળી પૂર્ણાનંદનો નાથ પડ્યો છે તેનો વર્તમાનમાં જ આશ્રય લે તેમ કહે છે. ૧૯૩.

✽ વિકલ્પ સહિત સાધારણ મહિમા આવે તે મહિમા ન કહેવાય. અંદરથી ક્યાં રુચે છે ? અંદરથી રુચે તો વીર્ય ઉછળે; એ ક્યાં ઉછળે છે ? સાધારણ ધારણા અને માહાત્મ્ય તો અનંતી વાર આવ્યા, પણ ખરેખર માહાત્મ્ય આવવું જોઈએ. બાકી જ એ રહી ગયું છે ને ! પહેલાં સ્વભાવનું માહાત્મ્ય આવે છે અને પછી માહાત્મ્યની ઉગ્રતા થતાં એકાગ્રતા થાય છે. ૧૯૪.

✽ પરકી તો ક્યા બાત, અધિકાર તો યહાં રાગકા ભી નહીં. જો રાગકા અધિકારી હોતા હૈ વો દ્રવ્યકા અધિકારી નહીં, શુભાશુભ ભાવોંકા સ્વામી હૈ વો આત્માકા અધિકારી નહીં. ૧૯૫.

✽

## રાગાદિક ભાવો આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે

રાગાદિકનું ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે તે ચેત્યચેતકભાવની (-જ્ઞેયજ્ઞાયકભાવની) અતિ નિકટતાને લીધે જ છે, એકદ્રવ્યપણાને લીધે નહિ; જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો) દીપકના પ્રકાશપણાને જ જાહેર કરે છે—ઘટાદિકપણાને નહિ, તેમ (આત્મા વડે) ચેતવામાં આવતા રાગાદિક (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો) આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે—રાગાદિપણાને નહિ. *—શ્રી સમયસાર ગાથા-૨૯૪, ટીકામાંથી*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]